નવગુજરાત સમય, પાના નંબર :- ૦૩
તારીખ :- ૨૮/૦૩/૨૦૨૫



## મેટ્રો રેલના પિલ્લર પર વર્ટિકલ ગાર્ડન...

નવગુજરાત સમય

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના ટ્રાફિકથી ભરચક વિસ્તારોમાં પ્રદૂષણ ઘટાડવા અને સુંદરતા વધારવા માટે મેટ્રો અને ઓવરબ્રિજના પિલ્લરો પર વર્ટિકલ ગાર્ડન બનાવવાનો પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ અભિયાનની શરૂઆત શહેરના વ્યસ્ત એવા હેલ્મેટ સર્કલ ખાતે કરવામાં આવી છે, જ્યાં એક પિલ્લરને પ્રાયોગિક ધોરણે હરિયાળીથી આવરી લેવામાં આવ્યો છે. હેલ્મેટ સર્કલની સફળતા બાદ, AMC દ્વારા પકવાન સર્કલ અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ (મોટેરા) પાસેના બ્રિજના પિલ્લરો પર પણ આવા ગાર્ડન બનાવવાનું આયોજન છે. આ છોડ હવામાં રહેલા પ્રદૂષકોને શોષી લે છે અને ઓક્સિજન મુક્ત કરે છે, જે શહેરની હવાની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થાય છે. હરિયાળીને કારણે આસપાસના તાપમાનમાં પણ સાધારણ ઘટાડો નોંધાય છે.

તસવીર: પંકજ શુક્લ